# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે "વિકસિત ભારત @ ૨૦૪૭ : વોઇસ ઓફ યૂથ" વિષય ઉપર કાર્યક્રમ યોજાયો

તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે આચાર્યશ્રી ડૉ. ભરત એન. પટેલના માર્ગદર્શન હેઠળ એસ.આર.સી. ચેરમેન ડૉ. આર. જે. મકવાણા દ્વારા "**વિકસિત ભારત @ ૨૦૪૭ : વોઇસ ઓફ યૂથ**" વિષય ઉપર યુનિવસિટીના માર્ગદર્શન મુજબ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સદર કાર્યક્રમમાં કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ સહિત ૧૧૨ વ્યક્તિઓએ હાજરી આપેલ. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી દ્વારા તમામને વિષયને અનુરૂપ સક્ષિપ્તમાં જાણકારી તેમજ વિકસિત ભારત માટે વિધ્યાર્થીઓએ વિવિધ રીતે પ્રેરીત થાય તે વિશે માહિતી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ નીતિ આયોગ, ભારત દ્વારા આયોજીત ઓનલાઈન પોર્ટલ ઉપર ભારતના વડા પ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબે તમામ વિદ્યાર્થીઓને વિકસિત ભારત @ ૨૦૪૭ વિષય અંતર્ગત સંબોધિત કર્યા હતા અને વિધ્યાર્થીઓને વિષય અનુરૂપ આઇડીયા પોર્ટલ ઉપર મોકલવા માટે આહવાન કર્યું હતું. તમામ વિદ્યાર્થી તેમજ સ્ટાફ ગણ દ્વારા ઓનલાઈન વિકસિત ભારત @ ૨૦૪૭ અંતર્ગત શપથ લીધા બાદ તમામ સોસિયલ મીડીયા પ્લેટફોર્મ ઉપર શેર કરવામાં આવ્યું. અંતમાં એસ.આર.સી. ચેરમેનશ્રીએ તમામ સ્ટાફ અને વિદ્યાર્થી સૌનો આભાર વ્યક્ત કર્યો.




